# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાનપુરમાં 47 હજાર 573 કરોડ રૂપિયાથી વધુના 15 વિકાસકામોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.

2) ગૃહમંત્રી અમિત શાહે પાકિસ્તાનનાં ગોળીબારથી અસરગ્રસ્ત જમ્મુ-કાશ્મીર નિયંત્રણ રેખાના રહેવાસીઓ માટે રાહત પેકેજની જાહેરાત કરી.

3) સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે સમગ્ર વિશ્વ ભારતના નાગરિકોને આતંકવાદથી બચાવવાના અધિકારનું સમર્થન કરે છે.

4) સર્વોચ્ચ અદાલતે આજે નિર્દેશ આપ્યો છે કે 15 જૂને યોજાનારી NEET-PG પરીક્ષા બે શિફ્ટને બદલે એક જ શિફ્ટમાં લેવામાં આવે.

5) નાણાકીય વર્ષ 2024-25 માં દેશનું વાસ્તવિક કુલ ઘરેલુ ઉત્પાદન (GDP) 6.5 ટકા વધવાનો અંદાજ.

6) IPL ક્રિકેટમાં, આજે એલિમિનેટર રાઉન્ડમાં ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મેચ રમાઈ રહી છે.

..................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## Prime Minister- Kanpur-Bihar

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશના કાનપુરમાં 47 હજાર 573 કરોડ રૂપિયાથી વધુના 15 વિકાસકામોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. તેમણે ચુન્નીગંજ અને નયાગંજ વચ્ચે કાનપુર મેટ્રોના નવા કોરિડોરને પણ લીલી ઝંડી બતાવી. સભાને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે આખી દુનિયાએ ઓપરેશન સિંદૂરના રૂપમાં દીકરીઓનો ગુસ્સો અને પીડા જોઈ અને ભારતે પાકિસ્તાનમાં ઘણા આતંકવાદી ઠેકાણાઓનો સંપૂર્ણ નાશ કર્યો. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન ડરતાં દુશ્મને કોઈ ભ્રમમાં ન રહેવું જોઈએ, ઓપરેશન સિંદૂર હજુ પૂરું થયું નથી.

(BYTE: PM ON RULE)

શ્રી મોદીએ કહ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારો આધુનિક અને વિકસિત ઉત્તર પ્રદેશના નિર્માણ માટે સાથે મળીને કામ કરી રહી છે. તેમણે કહ્યું કે માળખાગત સુવિધાઓ અને સંસાધનો, જે પહેલા મોટા મેટ્રો શહેરો માટે અનામત હતા, હવે કાનપુરમાં પણ દેખાય છે.

આ પ્રસંગે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ હાજર રહ્યા હતા.

આ પહેલા, શ્રી મોદીએ સવારે બિહારના રોહતાશ જિલ્લાના દુર્ગાંડીહ ગામમાં ૪૮ હજાર ૫૨૦ કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. આ પ્રસંગે સભાને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે બિહારમાં ડબલ એન્જિન સરકાર રાજ્યના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે.

(BYTE: PM ON POWER PROJECT)

પ્રધાનમંત્રીએ રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૨૨ ના ચાર-માર્ગીય પટના-ગયા-ડોભી સેક્શનનું ઉદ્ઘાટન કર્યું. પ્રધાનમંત્રીએ કહ્યું કે આ વિકાસકાર્ય પાંચ હજાર ૫૦૦ કરોડના ખર્ચે પૂર્ણ થયો છે.

# PM-GOA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગોવાવાસીઓને રાજ્ય સ્થાપના દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવતા એક સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું હતું કે, ગોવાની અનોખી સંસ્કૃતિ દેશનું ગૌરવ છે અને ગોવાના લોકોએ વિવિધ ક્ષેત્રોમાં મજબૂત છાપ છોડી છે. તેમણે શુભેચ્છા પાઠવી કે, રાજ્ય આગામી સમયમાં વિકાસની નવી ઊંચાઈઓ સર કરતું રહે.

# Jammu and Kashmir Home Minister Shah

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારથી અસરગ્રસ્ત જમ્મુ-કાશ્મીરમાં નિયંત્રણ રેખાના રહેવાસીઓ માટે ખાસ રાહત પેકેજની જાહેરાત કરી છે.

ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે હાલના 90 હજાર ભૂગર્ભ બંકરો ઉપરાંત, સરહદી સમુદાયોને સુરક્ષા અને સહાય વધારવા માટે વધારાના પગલાં લેવામાં આવશે. ગોળીબારમાં માર્યા ગયેલા લોકોના પરિવારોને નિમણૂક પત્રોનું વિતરણ કર્યા બાદ પૂંછ શહેરમાં એક સભાને સંબોધતા ગૃહમંત્રીએ કહ્યું કે વહીવટીતંત્ર હાલમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરી રહ્યું છે. કેન્દ્ર સરકાર અસરગ્રસ્ત પરિવારોને તમામ શક્ય સહાય પૂરી પાડશે.

(BYTE: AMIT SHAH ON PKG)

તેમણે કહ્યું કે ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું જેમાં સરહદ પાર આતંકવાદી માળખાને નિશાન બનાવીને નાશ કરવામાં આવ્યો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# RAJNATH- NAVY

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે સમગ્ર વિશ્વ ભારતના નાગરિકોને આતંકવાદથી બચાવવાના અધિકારનું સમર્થન કરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે પાકિસ્તાને પોતાની ધરતી પર ઉગી રહેલા આતંકવાદી પ્લાન્ટને પોતાના હાથે જડમૂળથી ઉખેડી નાખવો જોઈએ. તેમણે માંગ કરી કે હાફિઝ સઈદ અને મસૂદ અઝહર જેવા કુખ્યાત આતંકવાદીઓને ભારતને સોંપવામાં આવે. તેઓ આજે ગોવાના દરિયાકાંઠે ભારતના પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ INS વિક્રાંત પર અધિકારીઓ અને નૌકાદળના કર્મચારીઓને સંબોધિત કરી રહ્યા હતા.

સંરક્ષણ પ્રધાને કહ્યું કે ઓપરેશન સિંદૂર એ માત્ર લશ્કરી કાર્યવાહી નથી પરંતુ આતંકવાદ સામે ભારતનો સીધો હુમલો છે. તેમણે કહ્યું કે જો પાકિસ્તાન કોઈ દુષ્ટ અને અનૈતિક કૃત્ય કરશે તો તેને ભારતીય નૌકાદળની ફાયરપાવરનો સામનો કરવો પડશે.

# National Defence Academy, Pune

પુણેમાં આવેલી રાષ્ટ્રીય સંરક્ષણ એકેડેમીએ આજે ૧૪૮મા પાસિંગ આઉટ પરેડનું આયોજન કર્યું હતું. આ દેશના લશ્કરી ઇતિહાસમાં એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ ઘટના હતી કારણ કે ૧૭ મહિલા કેડેટ્સની પ્રથમ બેચને ભારતીય સશસ્ત્ર દળોમાં સામેલ કરવામાં આવી હતી.

પાસિંગ આઉટ સમારોહમાં કુલ ૩૩૯ તાલીમાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી જેમાં ૧૭ મહિલાઓનો સમાવેશ થાય છે.

# SUPREME COURT- NEET- PG

સર્વોચ્ચ અદાલતે આજે નિર્દેશ આપ્યો છે કે 15 જૂને યોજાનારી રાષ્ટ્રીય અનુસ્નાતક લાયકાત-સહ-પ્રવેશ પરીક્ષા (NEET-PG) બે શિફ્ટને બદલે એક જ શિફ્ટમાં લેવામાં આવે. ન્યાયમૂર્તિ વિક્રમ નાથની આગેવાની હેઠળની ખંડપીઠે અધિકારીઓને એક જ શિફ્ટમાં પરીક્ષા યોજવાની વ્યવસ્થા કરવા અને સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવામાં આવે તેની ખાતરી કરવા નિર્દેશ આપ્યો છે.

# CATCH THE RAIN - C.R.PATIL

કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલય દ્વારા અમલમાં મૂકાયેલ જળ શક્તિ અભિયાન : કેચ ધ રેઈન - 2025 અભિયાન અંતર્ગત બનાસકાંઠામાં રિચાર્જ કૂવા નિર્માણ કાર્યનો કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલની ઉપસ્થિતિમાં ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે શુભારંભ કરાવ્યો હતો. આ તકે બોલતા કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી પાટિલે જણાવ્યું હતું કે, બનાસકાંઠા ને ડાર્ક ઝોનમાંથી બહાર કાઢવા પ્રધાનમંત્રી શ્રી મોદીના માર્ગદર્શન એક વર્ષથી કામ કરવામાં આવી રહ્યું છે. તેમણે જણાવ્યું કે, પાણીની જરૂરિયાતને પૂરી કરવા માટે ડેમ બનાવવા કરતાં કેચ ધ રેઈન અંતર્ગત વરસાદનું પાણી સંગ્રહ કરીને ભૂગર્ભ જળમાં પાણીને ફરીથી સંગ્રહ કરવું જોઈએ.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, સિમનું પાણી સીમમાં અને ગામનું પાણી ગામમાં રહે તેવા મંત્ર સાથે જળ સંચયના કાર્યો કરવા જોઈએ.

# Shekhawat-CII

કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે કહ્યું છે કે ભારત પ્રત્યેની દુનિયાની ધારણામાં મોટો ફેરફાર આવ્યો છે કારણ કે ભારતીય નાગરિકો તેમના દેશ પ્રત્યેના વિચારોમાં સકારાત્મક પરિવર્તન જોઈ રહ્યા છે. તેઓ આજે નવી દિલ્હીમાં ભારતીય ઉદ્યોગ પરિષદના વાર્ષિક વ્યાપાર સમિટને સંબોધિત કરી રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ભારતના પ્રવાસન ક્ષેત્રનો ખૂબ જ વિકાસ થયો છે. આ ફક્ત સરકારના પ્રયાસો અને પર્યાપ્ત માળખાગત સુવિધાઓની ઉપલબ્ધતાને કારણે શક્ય બન્યું છે.

# GDP-GROWTH

નાણાકીય વર્ષ 2024-25 માં દેશનું વાસ્તવિક કુલ ઘરેલુ ઉત્પાદન (GDP) 6.5 ટકા વધવાનો અંદાજ છે. આ સમયગાળાના છેલ્લા ત્રિમાસિક અહેવાલમાં, વાસ્તવિક GDP 7.4 ટકા વધવાનો અંદાજ છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય અનુસાર, ગત વર્ષે સામાન્ય GDP માં 9.8 ટકાનો વિકાસ દર જોવા મળ્યો છે. બાંધકામ ક્ષેત્ર અર્થતંત્રનો મુખ્ય ચાલકબળ રહ્યું હતું જેમાં 9.4 ટકાનો અંદાજ હતો. આ દરમિયાન જાહેર વહીવટ, સંરક્ષણ અને અન્ય સેવા ક્ષેત્રનો વિકાસ દર 8.9 ટકા રહેવાનો અંદાજ છે.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ-IPL T20 ક્રિકેટમાં, આજે એલિમિનેટર રાઉન્ડમાં ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. ચંદીગઢમાં રમાઈ રહેલી મેચમાં મુંબઈ ઇન્ડિયન્સે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી છે. છેલ્લા અહેવાલ પ્રમાણે મુંબઈ ઇન્ડિયન્સે 4.2 ઓવરમાં વિના વિકેટે 55 રન બનાવ્યા છે.

આજની મેચની વિજેતા ટીમ 1 જૂને ક્વોલિફાયર-2 માં પ્રવેશ કરશે જ્યાં તે પંજાબ કિંગ્સનો સામનો કરશે.

# VAISHNAW- AI MISSION

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે ભારતે કૃત્રિમ બુદ્ધિમત્તા- AI ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. આજે નવી દિલ્હીમાં ઇન્ડિયા એઆઈ મિશન: મેક એઆઈ ઇન ઇન્ડિયા - મેક એઆઈ ફોર ઇન્ડિયા કાર્યક્રમમાં બોલતા શ્રી વૈષ્ણવે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઇચ્છે છે કે ટેકનોલોજી દરેક સુધી પહોંચે અને થોડા લોકો સુધી મર્યાદિત ન રહે. તેમણે કહ્યું કે આ માટે, કમ્પ્યુટર દ્વારા દરેક માટે માહિતી વ્યવસ્થાપન સેવાઓ સુલભ બનાવવી જરૂરી છે.

# Information and Broadcasting Secretary

માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુએ જણાવ્યું છે કે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ ટેકનોલોજી-IIICT આવતા મહિને મુંબઈમાં શરૂ થશે અને થોડા વર્ષોમાં તેની સંપૂર્ણ સ્થાપના થશે. આજે નવી દિલ્હીમાં, શ્રી જાજુએ કહ્યું કે આ સંસ્થા યુવા સર્જનાત્મક લોકોને ટેકનોલોજીની સુલભતા પૂરી પાડશે.